અપીલ અરજી નં.૧૭૮ તા.૭–૯–૦૯/૧૦

અરજદારઃ– શ્રી યોગેશભાઈ કાંતિભાઈ સુરતી

સામાવાળાઃ– એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

***ફરીયાદની હકીકતઃ–***

***વિષય :–*** આરટીઆઈ એકટ હેઠળ શ્રી યોગેશભાઈ કાંતિભાઈ સુરતીની તા.૧૮–૭–૦૯ ની અરજીથી કેશવભાઈ કરસનભાઈ ના નામની કબ્જા રસીદની પ્રમાણિત નકલ આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૭–૯–૦૯ ની અપીલ અરજી નં.૧૭૮/૨૦૦૯–૧૦

શ્રી યોગેશભાઈ કાંતિભાઈ સુરતીની તા.૧૮–૭–૦૯ ની અરજીથી કેશવભાઈ કરસનભાઈ ના નામની કબ્જા રસીદની પ્રમાણિત નકલ આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર ન મળેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૯–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૬૪૦ તા.૧૫–૯–૦૯ થી એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને સા.ઈ.ઝોન/મહેકમ/આ.નં.૨૩૦૧ તા.૨૯–૯–૦૯ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં અરજદારની મુળ અરજી તથા લોકેશન ૩૪બી–૦૧–૨૪૦૧–૦–૦૦૧ કેશવભાઈ કરશનભાઈની કાંતિભાઈ હસ્તક તા.૨–૭–૦૯ ના રોજ ભરેલ ટેક્ષની રસીદ તથા અરજદારને માહિતી બાબતે પાઠવેલ પત્ર નં .સા.ઈ.ઝોન/મહેકમ/૧૩૧૨ તા.૨૩–૭–૦૯ ની નકલ તથા તેને પોસ્ટ કર્યાની યુપીસીની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજીથી કેશવભાઈ કરસનભાઈ ના નામની કબ્જા રસીદની પ્રમાણિત નકલ ની માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને નં.સા.ઈ.ઝોન/મહેકમ/૧૩૧૨ તા.૨૩–૭–૦૯ થી " ટેના નં.૩૪બી–૦૧–૨૪૦૧–૦–૦૦૧ શ્રી કેશવભાઈ કરસનભાઈ ના નામની કબ્જા રસીદની માં ગણી કરેલ છે જે અંગેના રેકર્ડની તપાસ કરતાં હાલમાં ઉપલબ્ધ નથી. પ્રથમ કરપાત્ર વ્યકિત શ્રી કેશવભાઈ કરસનભાઈ મ્યુ. આકારણીખાતાના દફતરે નોંધાયેલ છે. " તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદારે તા.૭–૯–૦૯ ની અરજીથી કેશવભાઈ કરશનભાઈના નામની કબ્જા રસીદની સર્ટી ફાઈડ નકલની માંગણી કરેલ છે. જે રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવાનું જાહેર માહિતી અધિકારીએ જણાવેલ છે. રેકર્ડ ઉપલબ્ધ નહીં હોવા અંગે કોઈ આધારભૂત કારણ જણાવવામાં આવેલ નથી.

***હુકમ***

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૮–૭–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી નહીં પૂરી પડાયેલ કબ્જા રસીદની પ્રમાણિત નકલ બાબતે કાયદાના આમુખથી વ્યકત થયેલ જાહેર સત્તા મંડળમાં જવાબદારી અને પારદર્શીતા જાળવવાની ભાવનાને અનુલક્ષી અરજદારને સબંધિત મિલ્કતના દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે પૂરી પાડવા તથા કબ્જા રસીદની માંગેલ માહિતી ઉપલબ્ધ નહીં હોવા અંગે દફતરના નિકાલ કે નાશ કર્યાની આધારભૂત માહિતીની નકલ દિન–૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૦ – ૦૯

ડે.***કમિશ્નર(જનરલ),***
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, (લીંબાયતઝોન), ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી યોગેશભાઈ કાંતિભાઈ સુરતી